૨(બ) (૨૫)

REGISTERED No. G.R.J.-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

**PUBLISHED BY AUTHORITY**

VOL. XXXVIII ] THURSDAY 6th MARCH, 1997/PHALGUNA 15, 1918 [ No. 9

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.**

**PART-II** **EXTRAORDINARY**

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

### નોટીસ

નં.એકટ-૧૧૮ સને ૧૯૯૬-૯૭

મુંબઈ પ્રાંતિય મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ,૧૯૪૯ની કલમ ૪૬૬(૨) હેઠળ મળેલ સત્તાની રુઈએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જકાત અંગેના, સ્થાયી આદેશોના આદેશ નં.૧૦(૪) માં ''એ'' પાસ. માટેની સુપરવીઝન ફી જે અનુક્રમે રૂા.૫/-, રૂા.૩/-, રૂા.૨/- ને બદલે રૂા.૫૦/-, રૂા.૩૦/-, રૂા.૨૦/- કરવા તથા સ્થાયી આદેશ નં.૧૦(૨), ૧૦(એ),(૪),(૫),(૬),(૭) તથા ૧૦(બી)(૨) માં ઈમ્પોર્ટ નાકાથી એકસપોર્ટ નાંકા સુધી આયાતી માલ નિકાસ કરવાની ૪ કલાકની મુદત સુધારીને ૨ કલાક કરવા તેમજ સ્થાયી આદેશ નં.૧૦(૧), ૧૦(૫) અને નં.૧૦(ડી) માં તાત્કાલીક નિકાલ કરવા માટેના માલ અંગે નિયત કરેલા રસ્તાના રુટમાં સુધારા મુજબ રાખવા કોર્પોરેશનની સમગ્ર સભાના ઠરાવ ક્રમાંક ૫૦૩ તા.૨૨-૧-૯૬ ઠરાવને ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ

અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક અમન-૮૦૯૬-૨૭૬૩-પી તા.૨૩-૧૨-૯૬ થી મંજુર કરવામાં આવેલ છે.

આ સુધારો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી અમલમાં આવશે.

સહી:-(કે.એસ.વર્મા)
મ્યુનિસિપલ કમિશનર
મ્યુનિસિપલ કોર્પોરેશન
અમદાવાદ.

સંગલખાતું,
મ્યુનિસિપલ કોર્પોરેશન,
અમદાવાદ.૩૮૦૦૦૧
તા.૨૬-૨-૯૭

---

સૂરત મહાનગરપાલિકા

કતારગામ વિસ્તારની નગર રચના યોજના,સુરત નં.૧૯(કતારગામ) તૈયાર કરવા બાબત

## અ ધિ સૂ ચ ન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૨ ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત વિકાસ સત્તા મંડળે તેના તા.૨૭-૧-૮૪ ના ઠરાવ નંબર ૬૨૬(૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ટાઉન પ્લાનીંગ સ્કીમો (નગર રચના યોજનાઓ) બનાવવા માટે એપ્રોપ્રીયેટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭) ની કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાએ નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૬/૯૭, તા.૨૭-૨-૯૭ થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૧૯/૯૭ માં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ કતારગામ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.૧૯ (કતારગામ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રી, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમયમાં જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલી છે.

3/3/97

સુરત.

કમિશનર

ઠરાવ :-

ડાયરેક્ટર ઓફ પ્લાનીંગશ્રીના તા. ૧૭-૨-૯૭ ના પત્ર નં.સી.પી.સ./૮/૪૧ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલ ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકાની હદમાં કતારગામ વિસ્તારમાં ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગની આંગ રેખાથી દર્શાવેલ વિસ્તારને આવરી લેતી મુસદારુપ નગર રચના યોજના,સુરત નં.૧૯ (કતારગામ) ઘડવાનું અને તે અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૪૧(૨) મુજબ સદર યોજનાને તૈયાર કરવા ઈરાદો જાહેર કરવાનું તેમજ મુસદો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૬/'૯૭ સર્વાનુમતે મંજૂર

---

Printed at the Government Pres
plaints about Gazette must be made
from the date of this Publication ac
by the Wrapper.